# આવો આવો ઋષભ જિણંદા

( રાગ : આવો આવો સીમંધર-જિનરાજજી રે )

આવો આવો ઋષભ જિણંદા આંગણે રે, (૨)
મરુદેવીના નંદ પધારો મંદિરે. ૧

આવો આવો નંદી-મેરુ જિનેશ્વરા રે, (૨)
જિનવરવૃંદ પધારો મારે મંદિરે. ૨

હીરા-મોતી-રત્નોથી જિન પૂજીએ રે, (૨)
વિધવિધ અર્ઘે પૂજું જિનવરદેવને. ૩

ગુણવૃંદોના નાથ પધાર્યા મંદિરે રે, (૨)
જિનવરગીતો મંદિરિયે ગાજી રહ્યાં. ૪

જિનવરદેવા જગવંદિત ચિદ્દભાનુ છે રે, (૨)
અનંત ગુણકિરણે ચિદ્દભાનુ શોભતા. ૫

ચિદ્દરવિ પાસે દીપકનાં શાં મૂલ્ય છે રે, (૨)
તોપણ ભાવે દીપકથી પ્રભુ પૂજીએ. ૬

સુરનર મુનિવર જિનચરણોને સેવતા રે, (૨)
વિશ્વવંદ્ય જગશ્રેષ્ઠ જિનેશ્વરદેવ છે. ૭

જિનવર મારા, સમવસરણ બિરાજતા રે, (૨)
દિવ્યધ્વનિના અમૃતરસ વરસી રહ્યા. ૮

જિનવરવાણી ભવદધિતારણહાર છે રે, (૨)
જિનવર મારા, ત્રિભુવનતારક દેવ છે. ૯

દિવ્યમૂર્તિના દિવ્ય અહો! દેદાર છે રે, (૨)
પાવન પગલે અમ આંગણિયાં શોભતાં. ૧૦

જિનજી મારા કલ્પતરુ-ચિંતામણિ રે, (૨)
ભવ્ય જીવોને વાંછિત-ફળ-દાતાર છે. ૧૧

ગુરુજીપ્રતાપે જિનવરવૃંદ પધારિયા રે, (૨)
મહિમાવંત જગનાથ પધાર્યા આંગણે:
અનંત મહિમાવંત પ્રભુજી આંગણે. ૧૨

ગુરુજી મારા, ભારત તારણહાર છે રે,
—સેવક તારણહાર છે રે,
તુજ ગુણોનો મહિમા અપરંપાર છે. ૧૩

દેવ-ગુરુની ભાગ્યે સેવા સાંપડે રે, (૨)
દેવ-ગુરુજી નિત્ય વસો મનમંદિરે. ૧૪

□